હવે નવસારીની હવાની ગુણવત્તા બગડી

176 AQI સાથે નવસારી 'ખરાબ' શ્રેણીમાં નોંધાયું

સુરત : નવસારી શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં વાયુ પ્રદૂષણનું પ્રમાણ વધતાં હવા ની ગુણવત્તા બગડી છે. તાજેતરના આંકડા મુજબ નવસારીનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) 140 થી 180 વચ્ચે નોંધાયો છે, જે 'અસ્વસ્થ' અથવા 'ખરાબ' (Poor) શ્રેણીમાં આવે છે. શિયાળાની શરૂઆત અને વાતાવરણમાં ભેજ વધવાને કારણે હવામાં ધૂળના કણો તથા વાહનોના ધુમાડા જમીનથી નજીકના સ્તરે જમા થઈ રહ્યા છે, જેના પરિણામે ધુમ્મસ જેવી સ્થિતિ સર્જાય છે.





હવા પ્રદૂષિત થવાના મુખ્ય કારણો

(1) વાહનવ્યવહાર: શહેરી વિસ્તારોમાં વધતા વાહનોનો ધુમાડો અને ટ્રાફિક.શિયાળાનું વાતાવરણ **(2)** તાપમાન ઘટતાં ધૂળના કણો હવામાં નીચેના સ્તરે રોકાઈ જવા **(3) ઔદ્યોગિક અને બાંધકામની પ્રવૃત્તિઓ:** આસપાસના વિસ્તારોમાં ચાલતા બાંધકામો અને ધૂળ ઉડવી.

એક ક્વોલિટી ઇન્ડેક્સના માપદંડ અને અસર

0 - 50	સારું	ન્યૂનતમ કે કોઈ વિપરીત અસર નથી.
51 - 100	સંતોષકારક	સંવેદનશીલ લોકોને શ્વાસ લેવામાં સામાન્ય અગવડ થઈ શકે.
101 - 200	મધ્યમ	ફેફસાં અને હૃદયના દર્દીઓ તથા બાળકોને શ્વાસ લેવામાં તકલીફ પડે.
201 - 300	ખરાબ	મોટાભાગના લોકોને શ્વાસ લેવામાં અસ્વસ્થતા અનુભવાય.
301 - 400	ખૂબ ખરાબ	લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી શ્વાસની ગંભીર બીમારીઓ થઈ શકે.
401 - 500	અતિ ગંભીર	સ્વસ્થ વ્યક્તિઓને પણ શ્વાસની ગંભીર અસર થાય, દર્દીઓ માટે કટોકટી.

આરોગ્ય પર અસર અને નિષ્ણાતોની સલાહ

» હવાની ગુણવત્તા બગડવાને કારણે શ્વાસના દર્દીઓ, અસ્થમા ધરાવતા લોકો, બાળકો અને વૃદ્ધોને મુશ્કેલી પડી શકે છે. » વહેલી સવારે અને મોડી સાંજે બહાર ખુલ્લામાં વ્યાયામ કે વોકિંગ કરવાનું ટાળવું. » બીમાર વ્યક્તિઓએ બહાર નીકળતી વખતે માસ્કનો ઉપયોગ કરવો. » ઘરની અંદર હવાની ગુણવત્તા જળવાઈ રહે તે માટે બારી-બારણાં યોગ્ય સમયે બંધ રાખવા. » સ્થાનિક તંત્ર દ્વારા પ્રદૂષણ પર કાબૂ મેળવવા માટે રસ્તાઓ પર પાણીનો છંટકાવ » બાંધકામ ક્ષેત્રોમાં ધૂળ નિયંત્રણના નિયમોનું કડક પાલન કરાવવા વિનંતી કરવામાં આવી છે.

નવસારીની પૂર્ણાના ચેકડેમમાં ડૂબી જતાં બાળકનું મોત



સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો

ગ્રામજનોની અગાઉની રજૂઆતો છતાં સુરક્ષાનાં પગલાં ન લેવાયા હોવાના આક્ષેપથી તંત્રની બેદરકારી ઉજાગર

નવસારી : નવસારી શહેર નજીક વિરાવળના રાવળીયાબાપા મંદિર પાસે પૂર્ણા નદીમાં બનેલા ચેકડેમ ખાતે બાળકના ડૂબી જવાની કરુણ ઘટના સામે આવી છે. આ દુર્ઘટનાએ ચેકડેમની સુરક્ષા વ્યવસ્થા અને સંબંધિત કોન્ટ્રાક્ટરની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, નવસારી એપીએમસી માર્કેટ નજીક આવેલા એપાર્ટમેન્ટમાં રહેતા અરમાન ઈરફાનભાઈ ખાન, અર્હાન સોહિલ શેખ, અબ્દુલ રહેમાન સહાદત અન્સારી, પ્રિન્સ રમેશકુમાર ચૌધરી અને મહંમદ સરફરાજ તારીયા બપોરના સમયે રમવા નીકળ્યા હતા. રમતાં-રમતાં તેઓ પૂર્ણા નદીના કિનારે આવેલા ચેકડેમ સુધી પહોંચી ગયા હતા. દરમિયાન મહંમદ સરફરાજ નદીમાં નાહવા માટે ઊતર્યો હતો, પરંતુ પાણીની ઊંડાઈનો અંદાજ ન આવતાં તે ગરકાવ થઈ ગયો હતો. અન્ય બાળકોએ બૂમાબૂમ કરતાં સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. બનાવની જાણ થતાં નવસારી ફાયર બ્રિગેડની ટીમ બપોરે 12:50 વાગ્યે મળેલા કોલના આધારે ઘટનાસ્થળે પહોંચી હતી અને બોટ તથા જવાનોની મદદથી શોધખોળ શરૂ કરી હતી. જોકે, મોડી સાંજ સુધી બાળકનો પત્તો લાગ્યો નહોતો.

આ સમગ્ર ઘટના પાછળ માત્ર અકસ્માત નહીં, પરંતુ તંત્ર અને કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ચેકડેમ નજીક ધોવાણ થવાથી અકસ્માતનો ભય હોવાની અગાઉ રજૂઆતો કરી હતી. જોખમી સ્થળે વોચમેન મૂકવા, સુરક્ષા ફેન્સિંગ લગાવવા અને ચેતવણીનાં બોર્ડ મૂકવાની માંગ છતાં કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી ન હતી.

બેદરકારી પુરવાર થાય તો જવાબદારો સામે કાર્યવાહીની માંગ

ચેકડેમના નિર્માણ અને સુરક્ષા માટે કોન્ટ્રાક્ટર તથા સંબંધિત વિભાગની જવાબદારી શું હતી તે તપાસનો વિષય બન્યો છે. ગ્રામજનોની અગાઉની ફરિયાદો છતાં સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કેમ ન થઈ તેની નિષ્પક્ષ તપાસ થાય અને બેદરકારી પુરવાર થાય તો જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઊઠી છે.

આરક-રણોદ્રા પંચાયતનાં સરપંચને હોદ્દા પરથી દૂર કરવાનો હુકમ

પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરી અંગે થયેલી રજૂઆત બાદ તપાસ હાથ ધરાઈ

પોર્ટલ પર કેટલીક વિસંગતતાઓ સામે આવતાં નિર્ણય

નવસારી : જલાલપોર તાલુકાની આરક-રણોદ્રા ગ્રામ પંચાયતનાં સરપંચ શર્મિષ્ઠાબેન ભાસ્કરભાઈ રાઠોડને હોદ્દા પરથી દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરી અંગે થયેલી ફરિયાદ બાદ સંબંધિત વિભાગ દ્વારા કરવામાં આવેલી તપાસના અંતે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ગામના પટેલ ફળિયામાં રહેતા અતિકકુમાર દિનેશસિંહ ઠાકોર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણ અંગે રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતના આધારે તંત્ર દ્વારા યોજનાના લાભાર્થીઓની વિગતો અને સંબંધિત રેકોર્ડની ચકાસણી કરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન સરકારી પોર્ટલ પર નોંધાયેલી કેટલીક વિગતોમાં વિસંગતતાઓ ધ્યાને આવી હતી. સમગ્ર તપાસ અને ઉપલબ્ધ વિગતોને ધ્યાનમાં રાખીને જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી (IAS) દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમની કલમ 57(1) હેઠળ સરપંચ શર્મિષ્ઠાબેન રાઠોડને હોદ્દા પરથી દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

આ નિર્ણય સાથે આરક-રણોદ્રા ગ્રામ પંચાયતના વહીવટમાં એક મહત્વપૂર્ણ વહીવટી ફેરફાર આવ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી જનકલ્યાણલક્ષી યોજનાના અમલીકરણમાં યોગ્ય નોંધણી અને વહીવટી પ્રક્રિયાના પાલનનું મહત્ત્વ આ ઘટનાથી ફરી એકવાર સામે આવ્યું છે.

મોટી નરોલી હાઈવે પર લક્ઝરી અડફેટે બાઈક સવાર નવસારીના યુવકનું મોત

ભરૂચ ખાતે વાયરિંગનું કામ પતાવી પરત ફરતા મિત્રો અકસ્માતનો ભોગ બન્યા, બસ ચાલક વાહન મૂકી ફરાર

હથોડા : મોટી નરોલી નજીક હાઈવે પર બેફામ દોડતી લક્ઝરી બસના ચાલકે બાઈકને અડફેટે લેતાં એકનું મોત થયું હતું.

નવસારી રહેતા મહીન રાઠોડ અને વાંસદાના મિત્ર વિજય ચૌધરી સાથે જીજે 19 બીએચ 3223 નંબરની બાઈક પર સાથે ભરૂચની નવી બનતી બિલ્ડિંગમાં વાયરિંગનું કામ કરી પરત થઈ રહ્યા હતા. એ વખતે વિજયભાઈ બાઈક ચલાવતા હતા અને તેઓ મોટી નરોલી ગામે હાઈવે પર આવેલા ઓવરબ્રિજ પરથી પસાર થતા હતા. ત્યારે હાઈવે પરથી બેફામ ઝડપે ધસી આવેલી જીજે 5 સીડબ્લ્યૂ 5409 નંબરની લક્ઝરી બસના ચાલકે બાઈકને અડફેટે લેતાં વિજયભાઈનું મોત થયું હતું. જ્યારે મહીનભાઈનો બચાવ થયો હતો. અકસ્માત સર્જી બસનો ચાલક બસ મૂકી ભાગી છૂટ્યો હતો. આ બનાવ અંગે મહીનભાઈએ પાલોદ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ગણદેવી નજીક એક્સપ્રેસ-વેના ટોલનાકા પાસેથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો

બે ઈકો કારમાંથી રૂપિયા 13.28 લાખનો દારૂ સહિત રૂપિયા 21.28 લાખનો મુદ્દામાલ કબજે, બે રાજસ્થાની ઝડપાયા

બીલીમોરા : પોલીસના જણાવ્યા મુજબ, રાજસ્થાનના ધનાલી ગામના અશોક જોગીરામ મનમોડા અને બામરલા ગામના મોહન સદારામ બિશ્નોઈ, બે ઈકો કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જતા હતા. પોલીસે બંને વાહનોની તપાસ કરતાં દારૂની 120 પેટીઓ મળી આવી હતી.

પોલીસે વિદેશી દારૂની કિંમત રૂપિયા 13,28,695, બંને વાહનોની કિંમત રૂપિયા 6 લાખ, મોબાઈલ ફોન અને રોકડ સહિત કુલ રૂપિયા 21,28,395નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે દારૂની હેરાફેરી સાથે સંકળાયેલા અન્ય શખ્સો સામે પણ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

વ્યારામાં શિક્ષક બાદ નવસારીના ફાઇનાન્સિયલ કન્સલ્ટન્ટ સાથે પણ લાખોની ઠગાઈ

વ્યારા: વ્યારાના કાનપુરામાં શિક્ષક સાથે લાખો રૂપિયાની ઠગાઈ કરનાર આરોપીએ ફાઇનાન્સિયલ કન્સલ્ટન્ટ સાથે પણ 28.67 લાખની છેતરપિંડી કરતા ફરિયાદ વ્યારા પોલીસ મથકે નોંધાઈ છે. વ્યારામાં ફાઇનાન્સિયલ કન્સલ્ટન્ટ ધર્મેશ કવરીયા (રહે.,29 મૂળ રહે., 2 ગોકુલ નિવાસ શાંતાદેવી રોડ, નવસારી) સાથે પણ બોરખડીના ભેજાબાજ નીતિન ભારતીએ ઊંચા વળતરની લાલચ આપી રૂપિયા 29,17,141 પડાવી લીધા હતા, જેમાંથી ફક્ત 50 હજાર જ પરત ચૂકવ્યા હતા. 22,30,000નું વળતર ન આપતાં યુવકે વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે નીતિન ભારતી સામે ગુનો નોંધી જરૂરી તપાસ હાથ ધરી છે.

ડાંગના વઘઈમાં ખેતરોમાંથી ઈલેક્ટ્રિક કેબલની ચોરી કરતી ગેંગ ઝડપાઈ

૧૩ કિલો તાંબા સાથે બે આરોપીઓની ધરપકડ

સાવરખડી ગામેથી ૧૫૦૦ ફૂટ લાંબા કેબલની ચોરી કરી જંગલમાં વાયર સળગાવી તાંબુ કાઢી વેચનાર શખ્સો પોલીસના સકંજામાં

સાપુતારા : ડાંગ જિલ્લાના વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખેતરોને નિશાન બનાવી ઈલેક્ટ્રિક કેબલની ચોરી કરતી ગેંગનો પોલીસે સફળ પર્દાફાશ કર્યો છે. સુરત વિભાગના આઈ.જી. પ્રેમવીરસિંઘ અને ડાંગ-આહવાના એસ.પી. પૂજા યાદવની સૂચના તથા ડી.વાય. એસ.પી. કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ વઘઈ પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.એ. ચાવડા અને તેમની ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે.

વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારના સાવરખડી ગામે સુરીનામાળ વિસ્તારમાં આવેલી ખેતીની જમીનમાંથી સબમર્સિબલ મોટરના જોડાણ માટેના ૩૦૦ ફૂટ તેમજ અન્ય ચાર સાહેદોના મળીને કુલ ૧૫૦૦ ફૂટ લાંબા ઈલેક્ટ્રિક કેબલની કોઈ અજાણ્યા શખ્સો દ્વારા ચોરી કરવામાં આવી હતી. આ અંગે ગત ૩ નવેમ્બર ૨૦૨૬ના રોજ વઘઈ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે આરોપીઓ સાંજ કે રાત્રિના સમયે એકાંત ખેતરોમાંથી વાયરો ચોરી કરી જંગલના નિર્જન વિસ્તારમાં લઈ જઈને સળગાવતા હતા. ત્યારબાદ તેનું પ્લાસ્ટિક અને રબર દૂર કરી તાંબુ અલગ કરીને ભંગારની દુકાનમાં વેચી દેતા હતા.

ટેક્નિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પોલીસે સમયેલભાઈ જયરામભાઈ ગામીત (રહે. સાવરખડી, વઘઈ) અને સલીમશાહ ગફુરશાહ ફકીર (રહે. વ્યારા, તાપી) નામના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી સળગાવીને કાઢેલ ૧૩ કિલોગ્રામ તાંબુ (કિંમત રૂપિયા ૨૨,૫), એક મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલી મોટરસાઈકલ સહિત કુલ મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

સંવેદના અને આત્મીયતાનું ઉત્તમ ઉદાહરણ: ઐશ્વર્યા મિલના માલિક રમેશભાઈ અને શ્રદ્ધાબેન ડુમસિયા કામદારો માટે બન્યા 'પરિવારના મોભી'

ગણેશોત્સવ, નવરાત્રિથી લઈને દિવાળી સુધીના તહેવારોની કામદારો સાથે રંગેચંગે ઉજવણી: કર્મચારીઓને પરિવારની જેમ સાચવતું ઐશ્વર્યા મિલ મેનેજમેન્ટ



પલસાણા: આજના ઔદ્યોગિક યુગમાં જ્યાં માલિક અને કામદાર વચ્ચે મોટેભાગે માત્ર વ્યાવસાયિક સંબંધો જ જોવા મળે છે, ત્યાં પલસાણા સ્થિત ઐશ્વર્યા મિલના માલિક શ્રી રમેશભાઈ ડુમસિયા અને તેમનાં ધર્મપત્ની શ્રદ્ધાબેન ડુમસિયાએ એક અનોખો અને માનવીય ચીલો ચાતર્યો છે. આ દંપતી તેમના કામદારો માટે માત્ર શેઠ નહીં, પરંતુ સાચા અર્થમાં પરિવારનું મોભી બની ગયું છે. તેમનો આ પ્રેમાળ સ્વભાવ સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગતમાં વાહવાહી મેળવી રહ્યો છે.

શ્રી રમેશભાઈ અને શ્રદ્ધાબેનનું તેમના કામદારો અને કર્મચારીઓ સાથેનું વર્તન અત્યંત સરાહનીય અને આત્મીયતાથી ભરેલું છે. તેઓ દૃઢપણે માને છે કે મિલની સાચી મૂડી મશીનો નહીં, પરંતુ તેમાં પરસેવો પાડતા શ્રમિકો છે. આ જ કારણસર ઐશ્વર્યા મિલમાં કામદારોને માત્ર કર્મચારી ગણવાને બદલે પરિવારના સભ્યોની જેમ પૂરા સન્માન સાથે સાચવવામાં આવે છે. કર્મચારીઓના સુખ-દુ:ખમાં હંમેશાં પડખે ઊભા રહેવાની તેમની ભાવના તેમને અન્ય ઉદ્યોગપતિઓથી એકદમ અલગ તારવે છે.

મિલના પ્રાંગણમાં કામના કલાકો સિવાય પણ ઉત્સાહ અને પારિવારિક હૂંફનો માહોલ છવાયેલો રહે છે. અહીં ગણેશોત્સવ, નવરાત્રિ, દશેરો અને દિવાળી જેવા તમામ નાના-મોટા તહેવારો માત્ર કેલેન્ડરનાં પાનાં કે ઔપચારિકતા પૂરતા સીમિત નથી રહેતા. મિલ માલિકો અને કર્મચારીઓ એકસાથે મળીને કોઈ ભેદભાવ વિના આ તહેવારોની પૂરા જોશ અને રંગેચંગે ઉજવણી કરે છે. તહેવારોના આયોજનમાં રમેશભાઈ અને શ્રદ્ધાબેનની સીધી ભાગીદારી કામદારોમાં એક નવી જ ઊર્જા અને ખુશીનો સંચાર કરે છે. કોરોના કાળની મહામારીના કપરા સમયમાં પણ તેમણે એકપણ કામદારને છૂટા કર્યા ન હતા અને અન્ન તથા આર્થિક સહાય પૂરી પાડીને સાચા અર્થમાં માનવતા મહેકાવી હતી. તેમના આ ઉમદા અને માનવીય અભિગમની નોંધ છેક આંતરરાષ્ટ્રીય સ્તરે પણ લેવાઈ છે, જેમાં તાજેતરમાં ઝિમ્બાબ્વેના ઉપપ્રમુખે પણ તેમની સુરત મુલાકાત દરમિયાન આ ઔદ્યોગિક મોડલને ખાસ બિરદાવ્યું હતું.

ઐશ્વર્યા મિલનાં ડિરેક્ટર શ્રદ્ધાબેન ડુમસિયા પણ પોતાના કર્તવ્ય પ્રત્યે અત્યંત સભાન છે અને તેઓ માને છે કે દેશની ઇકોનોમી વધારવામાં ઉદ્યોગોની સાથે કામદારોનો ફાળો પણ અમૂલ્ય છે. સાચા અર્થમાં રમેશભાઈ અને શ્રદ્ધાબેન ડુમસિયાનું આ સંચાલન એ દર્શાવે છે કે જો કામદારોને પ્રેમ અને પરિવારની હૂંફ આપવામાં આવે, તો મિલ માત્ર એક કારખાનું ન રહેતા કામદારો માટે 'સ્વર્ગ' બની જાય છે. તેમનો આ સંવેદનશીલ અભિગમ અને કામદારો પ્રત્યેનો લગાવ સમગ્ર દેશના ઉદ્યોગ જગત માટે એક ઉત્તમ અને પ્રેરણાદાયક ઉદાહરણ પૂરો પાડી રહ્યો છે.

'કામદારો માત્ર કર્મચારીઓ નથી, મારો પોતાનો પરિવાર છે': રમેશભાઈ ડુમસિયા

'હું હંમેશાંથી એ જ માનતો આવ્યો છું કે મિલની સાચી મૂડી આ મશીનો નહીં, પરંતુ તેમાં પોતાનો પરસેવો વહાવતાં આપણાં શ્રમિક ભાઈ-બહેનો છે. મેં ક્યારેય તેમને મારાથી અલગ કે માત્ર કામદાર તરીકે જોયાં જ નથી, તેઓ મારા ઐશ્વર્યા મિલ પરિવારના જ સભ્યો છે. કોરોના મહામારીનો એ કપરો સમય હોય ત્યારે પણ મેં દૃઢ નિશ્ચય કર્યો હતો કે મારા એકપણ કામદારને હું છૂટો નહીં કરું અને તેમને કોઈપણ પ્રકારની તકલીફ પડવા નહીં દઉં. પરિવારના મોભી તરીકે તેમની અને તેમનાં બાળકોની ચિંતા કરવી એ મારી નૈતિક ફરજ છે. આજે મિલમાં ગણેશોત્સવ હોય કે દિવાળી, અમે સૌ હળીમળીને જ તહેવારો ઉજવીએ છીએ. મારા માટે આ મિલ માત્ર એક કારખાનું નથી, પણ માનવતા અને લાગણીઓથી ગૂંથાયેલો અમારો એક મોટો પરિવાર છે.'

- રમેશભાઈ ડુમસિયા (માલિક, ઐશ્વર્યા મિલ)

દક્ષિણ ગુજરાતમાં દિવાળી ટાણે આદિવાસી સંસ્કૃતિની અનોખી પરંપરા

ઘેરિયા મંડળીઓનું પરંપરાગત નૃત્ય ગુંજ્યું

કાળી ચૌદસના મેળા નિમિત્તે મલ્લિકાર્જુન મહાદેવ મંદિરે ઘેરિયાઓએ રજૂ કર્યું આકર્ષક ઘેર નૃત્ય

પાક્કાપણી બાદ દેવ-દેવીઓની આરાધના કરી સુખ-સમૃદ્ધિની કામના કરતા આદિવાસી યુવાનો

ઘેજ : દિવાળીનો તહેવાર સમગ્ર ગુજરાતમાં આનંદ અને ઉત્સાહ સાથે ઉજવાય છે. પરંતુ દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજ માટે દિવાળીનું વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ છે. દિવાળીથી દેવદિવાળી સુધીના દિવસોમાં ચીખલી સહિત નવસારી જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત ઘેર નૃત્ય દ્વારા દેવ-દેવીઓની આરાધના કરવામાં આવે છે. આસો માસ દરમિયાન ડાંગર, નાગલી સહિતના કૃષિ પાકોની કાપણી પૂર્ણ થતાં આદિવાસી ખેડૂતોમાં ખુશી અને નવરાશનો માહોલ જોવા મળે છે. આ આનંદને ઉજવવા અને પોતાના આરાધ્ય દેવોને રિઝવવા માટે યુવાનો ઘેરિયા મંડળીઓ બનાવી વિવિધ ગામોમાં નૃત્ય કરતા ફરે છે. ચીખલી તાલુકાના મલ્લિકાર્જુન મહાદેવ મંદિરે શનિવારે કાળી ચૌદસના મેળા નિમિત્તે મંદિર પરિસરમાં ઘેરિયા મંડળીઓએ પરંપરાગત નૃત્ય રજૂ કર્યું હતું.


ગિરીશ ભોયે

ઘેર નૃત્ય માત્ર ધાર્મિક અને લોકમાન્યતાઓ જોડાયેલી છે

ઘેર નૃત્ય માત્ર મનોરંજન પૂરતું સીમિત નથી, પરંતુ તેની સાથે અનેક ધાર્મિક અને લોકમાન્યતાઓ જોડાયેલી છે. માન્યતા મુજબ ઘેરિયા કોઈના ઘરના આંગણે નૃત્ય કરે તો દુ:ખ, રોગ અને નજરદોષ દૂર થઈ સુખ-સમૃદ્ધિ આવે છે. ઢોલ અને ત્રાંસાની થાપ સાથે મોરપીંછના મુગટ, રંગબેરંગી વેશભૂષા અને હાથમાં ડાંડિયા સાથે ઘેરિયાઓનું નૃત્ય અનોખો માહોલ સર્જે છે. ઘેરિયા મંડળીમાં કવિયાનું વિશેષ મહત્વ હોય છે. કવિયો દેવની આરાધના કરનાર અને મંડળીને માર્ગદર્શન આપનાર મુખ્ય વ્યક્તિ તરીકે ઓળખાય છે. ઘેરિયાઓનો પોશાક પણ અર્ધનારેશ્વર સ્વરૂપની ઝાંખી કરાવે છે.પરંપરાગત રીતે પુરુષો જ સ્ત્રીવેશ ધારણ કરીને આ નૃત્યમાં ભાગ લે છે.

આધુનિક સમયમાં આ પરંપરા ધીમે ધીમે લુપ્ત થતી જાય છે

દિવાળીથી દેવદિવાળી સુધી ઘેરિયા મંડળીઓ ગામેગામ ફરી પરંપરાને જીવંત રાખે છે. યજમાનો તરફથી મળતી બક્ષિસનો ઉપયોગ સામૂહિક રીતે દેવસ્થાન તેમજ ગામના સામાજિક અને સાર્વજનિક કાર્યો માટે કરવામાં આવે છે. આધુનિક સમયમાં આ પરંપરા ધીમે ધીમે લુપ્ત થતી હોવા છતાં નવી પેઢી દ્વારા પોતાની આદિવાસી સંસ્કૃતિને જીવંત રાખવાના પ્રયાસોને ગામલોકો અને સંસ્કૃતિપ્રેમીઓ બિરદાવી રહ્યા છે.